<u>ઠરાવઃ–</u>

૧. આરોપી અરવિંદ ધુરકસિંહ પવાર આજરોજકોર્ટમાં હાજર તેની સામે ગુનાની પ્લી રેકર્ડ કરતા આરોપીએ કબુલાત પુરસીસ રજુ કરી ગુનો કબુલ કરેલ છે. આરોપીને તેની સામે નાં ગુનાની સજાની જોગવાઈ અને દંડની સમજ કરેલ તેમ છતાં આરોપી તેની સામેનો ગુનો સ્વૈચ્છાએ કબુલ કરે છે અને જણાવે છે કે, તેઓ ગરીબ અને બાલબચ્ચાવાળા માણસ છે. કુટુંબની સઘળી જવાબદારી તેમના શીરે છે. જો તેઓને વધુ સજા કરવામાં આવે તો તેમના પરિવારનાં જીવન નિર્વાહની ભયંકર સમસ્યા ઉભી થાય છે. તેઓ એક માત્ર પરિવારની આજીવીકા કમાનાર છે ભવિષ્યમાં આવો ગુનો નહી કરે તેની ખાત્રી આપે છે. તેથી રહેમ બતાવી નામદાર કોર્ટ ને યોગ્ય હુકમ કરવા અરજ કરેલ છે.

૨. આરોપીની ઉકત કબુલાત જોતાં તેઓએ અત્યંત ગરીબવર્ગનાં ઈસમ છે. તેઓનાં પરીવારમાં તેઓ એકમાત્ર કમાનાર સભ્ય છે તેઓ વિના તેમનાં પરીવારની આજીવીકાનો પ્રશ્ન ઉપસ્થિત થાય તેમ છે તેમજ તેમના પરીવારનાં ભરણપોષણ અને નિર્વાહની સમસ્યા બની રહે તેમ છે. હાલનાં કેસમાં આરોપી અત્યંત ગરીબવર્ગના છે અને તેઓનાં પરીવારની સઘળી જવાબદારી તેઓનાં શીરે છે.

૩. આરોપીની કબુલાત સ્વૈચ્છીક હોઈ તે નહી માનવા માટે કોઈ કારણ નથી . આરોપી અત્યંત ગરીબવર્ગનાં માણસ છે તેઓનાં પરીવારની સઘળી જવાબદારી તેઓનાં શીરે છે. સદરહું આરોપીની રજુઆત લક્ષમાં લઈ તથા ઉકત સઘળા સંજોગો અને પરિસ્થિતીઓ ધ્યાને લઈ તથા નામદાર ગજરાત હાઈકોર્ટનો ૨૦૦૫(૧) જી.એલ.આર૭૦૯ સ્ટેટઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરીચન્દજી ઠાકોરનો ચુકાદો ધ્યાને લઈ ન્યાયનાં હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

<u>:: હુકમ ::</u>

આ કામનાં આરોપી નં. ૧અરવિંદ ધુરકસિંહ પવારને આર.પી.(યુ.પી) કલમ ૩ મુજબનાં ગુન્હામાં તકસીરવાન ઠરાવી આરોપીને રૂ. ૧૦૦૦/– (અંકે રૂપિયા એક હજાર પુરા નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો દિન ૧૦ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

હાલના કામના આ સિવાયના આરોપીઓએ અગાઉ કબુલાત આપેલ હોય દર કેસે ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે

<u>મુદામાલ સબંધે વચગાળાનો હુકમ કાયમ કરવામાં આવે છે. અને જો વચગાળાનો હુકમ થયેલ ન હોય તો વ્યુએબલ મુદદામાલની ખરાઈ કરી રેલ્વેને પરત સોંપવા નો હુકમકરવામાં આવે છે.</u>

આ હુકમ આજરોજ સ્પેશિયલ સીટીંગમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

મુકામઃ અમદાવાદ
તા.૧૪/૧૨/૨૦૨૪

(વી. આર. ચૌધરી )
૨૨માં એડી.ચીફ. જ્યુડી. મેજીસ્ટ્રેટ
કોર્ટ નંબરઃ૦૭, અમદાવાદ
કોડ નં.જીજે ૦૦૮૧૫ .